**Enrollment No: ______________________** **Exam Seat No:______________________**

# C. U. SHAH UNIVERSITY

## Winter Examination-2021

**Subject Name : Company Accounts-II**

**Subject Code : 4CO04COA1** **Branch: B.com (Gujarati)**

**Semester : 4** **Date : 22/10/2021** **Time : 11:00 To 02:00** **Marks : 70**

Instructions:

(1) Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
(2) Instructions written on main answer book are strictly to be obeyed.
(3) Draw neat diagrams and figures (if necessary) at right places.
(4) Assume suitable data if needed.

---

**Q-1** **Attempt the following questions:** **(14)**

**a)** સંયોજન હવાલા ખાતું ખરીદનાર કંપનીના ચોપડે ________ ના શીર્ષક હેઠળ પાકા સરવૈયામાં બતાવશે. 1

(અ) અનામતો અને વધારો (બ) બિનચાલુ મિલકતો
(ક) બિનચાલુ રોકાણો (ડ) ચાલુ મિલકતો

**b)** જોડાણ વિલીનીકરણ સ્વરૂપનું હોય કે સંપાદન સ્વરૂપનું, વિસર્જન પામતી કંપનીના ડિબેંચર્સની ખરીદતી કંપની માટે હિસાબી અસર એકસરખી જ થશે. 1

(અ) ખરું (બ) ખોટું (ક) અધૂરું (ડ) કંઈ ન કહી શકાય.

**c)** હિસાબી ધોરણ ૧૪ મુજબ, વિલીનીકરણ સ્વરૂપના જોડાણમાં, ખરીદતી કંપનીએ વિસર્જન પામતી કંપનીની કાયદેસરની અનામતો માટે 'વિલીનીકરણ હવાલા ખાતું' ઊભું કરવું જરૂરી છે. 1

(અ) ખરું (બ) ખોટું (ક) અધૂરું (ડ) કંઈ ન કહી શકાય.

**d)** કંપનીઓના સંયોજનને કોર્પોરેટ જગતમાં ________ થી પણ ખોયાખવામાં આવે છે 1

(અ) મર્જર એન્ડ એક્વિઝીશન (બ) મૂડી ભંડોળમાં ફેરફાર
(ક) કંપનીનું લિક્વિડેશન (ડ) મૂડી ઘટાડો

**e)** ધંધો ખરીદનાર ચોખ્ખી મિલકતો ઉપરાંત વિસર્જન ખર્ચની રકમ ખરીદ કિંમતમાં ચૂકવે ત્યારે તેને __________ ઉધારે છે. 1

(અ) પ્રાથમિક ખર્ચ ખાતે (બ) મૂડી અનામત ખાતે
(ક) વિસર્જન ખાતે (ડ) વેચનાર કંપની ખાતે

**f)** ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટ્સ ઑફ ઇન્ડિયાએ હિસાબી ધોરણ-૧૪ બહાર પાડ્યાનું વર્ષ. 1

(અ) એપ્રિલ, ૧૯૯૩ (બ) ઓક્ટોબર, ૧૯૯૪
(ક) માર્ચ, ૧૯૯૫ (ડ) મે, ૧૯૯૬

**g)** સમાવેશ વખતે ખરીદ કિંમત પેટે આપવાના શેરની બજારકિંમત ન આપી હોય તો શેરની __________ કિંમત નક્કી કરવી પડે છે. 1

(એ) વાજબી (બ) દાર્શનિક (ક) આંતરિક (ડ) ઊપજ

**h)** __________ માં બે કે તેથી વધુ કંપનીઓમાંથી કોઈ એક કંપની ચાલુ રાખવામાં આવે અને બાકીની કંપનીઓનું વિસર્જન કરી જોડાણનો માર્ગ અપનાવવામાં આવે છે. 1

(અ) સમાવેશ (બ) સંયોજન

(ક) બાહ્ય પુનઃરચના (ડ) આંતરિક પુનઃરચના

**i)** બાહ્ય પુનઃરચના વખતે પ્રેફ. શેર પરનું બાકી ડિવિડન્ડ ચૂકવવા સંબંધી નુકસાન કયા ખાતે ઉધારીને પ્રેફ. શેર ડિવિડન્ડ ખાતું બંધ કરવામાં આવે છે? 1

(અ) પ્રેફ. શેર ખાતે (બ) માલ-મિલકત નિકાલ ખાતે

(ક) પ્રેફ. શેરહોલ્ડર્સ ખાતે (ડ) રોકડ/બેન્ક ખાતે

**j)** મૂડી ઘટાડા સિવાયના અન્ય માર્ગે કંપનીનું સ્વૈચ્છિક / મરજિયાત વિસર્જન કરી જૂની કંપની કાનૂની વિધિ મારફતે પોતાને નવા નામે નવસર્જન આપે તેને __________ વિધિ કહે છે. 1

(અ) આંતરિક પુનઃરચના (બ) બાહ્ય પુનઃરચના

(ક) સંયોજન (ડ) સમાવેશ

**k)** જો કંપની સ્વૈચ્છિક વિસર્જન કરવાનો ખાસ ઠરાવ કરે ત્યારે સ્વૈચ્છિક વિસર્જનનો નિર્ણય કર્યા પછી ઠરાવ પસાર થવાના કેટલા દિવસમાં નોટિસ આપવી જોઈએ ? 1

(અ) ૫ દિવસ (બ) ૧૦ દિવસ (ક) ૧૪ દિવસ (ડ) ૩૦ દિવસ

**l)** નીચેના પૈકી કઈ આવક લિક્વિડેટરના આવક-જાવકના પત્રકમાં દર્શાવાશે નહિ ? 1

(અ) મિલકતો વેચતાં ઊપજેલ રકમ (બ) સંપૂર્ણ સલામત લેણદારોનો વધારો

(ક) શેર પ્રીમિયમ (ડ) અંશતઃ ભરાયેલ શૈરના મંગાવેલ હપતા

**m)** કંપનીના વિસર્જનના સંદર્ભે નીચેનામાંથી કયું વિધાન સાચું છે? 1

(અ) જો કંપની સધ્ધર હોય તો ડિબેંચરનું વ્યાજ ડિબેંચરના નાણાં જે તારીખે પરત થાય ત્યાં સુધીનું આપવામાં આવે છે.

(બ) જો કંપની સધ્ધર હોય તો ડિબેંચરનું વ્યાજ ચૂકવવામાં આવતું નથી.

(ક) જો કંપની સધ્ધર હોય તો ડિબેચરનું વ્યાજ વિસર્જન તારીખ સુધીનું ચૂકવવામાં આવે છે.

(ડ) ઉપરનામાંથી કોઈ પણ નહીં.

**n)** નીચેનામાંથી કયા લેણદારો તરતા બોજધારી લેણદારો ગણાય ? 1

(અ) લેણદારો (બ) સરકારી દેવું (ક) પ્રોવિડન્ટ ફંડ (ડ) ડિબેન્ચર્સ

**Attempt any four questions from Q-2 to Q-8**

**Q-2** **(14)**

કંપનીના વિસર્જનની પદ્ધતિઓ સમજાવો.

**Q-3** **(14)**

લિક્વિડેટરની જાવકો સમજાવો.

**Q-4** **(14)**

ચોખ્ખી મિલકતની પદ્ધતિ સમજાવો.

**Q-5** **(14)**

તફાવત આપો: હિતોના જોડાણની પદ્ધતિ અને ખરીદ પદ્ધતિ

**Q-6** **(14)**

અ લિમિટેડ અને બ લિમિટેડનાં તા. ૩૧મી માર્ચ, ૨૦૧૭ના રોજનાં પાકાં સરવૈયા નીચે પ્રમાણે છે :

**અ લિમિટેડ**

| જવાબદારીઓ | રૂ. | મિલકતો | રૂ. |
|---|---|---|---|
| શેરથાપણ: | | પાઘડી | ૧૦,૦૦૦ |
| રૂ. ૧નો એવા ૧,૫૦,૦૦૦ શેર | | મકાન (મૂ.કિં.) | ૪૫,૦૦૦ |
| પૂરા ભરાયેલા | ૧,૫૦,૦૦૦ | યંત્રો (મૂ. કિં. બાદ ઘસારો) | ૩૫,૦૦૦ |
| શેરજપ્તી ખાતું | ૧૫૦ | પરચૂરણ દેવાદારો | ૨૫,૮૫૦ |
| અનામત ભંડોળ | ૧૦,૦૦૦ | સ્ટૉક | ૬૮,૨૭૬ |
| નફાનુકસાન ખાતું | ૧૬,૮૬૫ | બૅન્ક સિલક | ૩૩,૬૭૪ |
| ૧૪ %ના ડિબેન્ચર | ૩૫,૦૦૦ | | |
| પરચૂરણ લેણદારો | ૫,૭૮૫ | | |
| | ૨,૧૭,૮૦૦ | | ૨,૧૭,૮૦૦ |

**બ લિમિટેડ**

| જવાબદારીઓ | રૂ. | મિલકતો | રૂ. |
|---|---|---|---|
| શેરથાપણ: | | પાઘડી | ૧૦,૦૦૦ |
| રૂ. ૧નો એવા ૩૯,૦૦૦ શેર પૂરા | | મકાન (મૂ.કિં.) | ૧૩,૦૦૦ |
| ભરાયેલા | ૩૯,૦૦૦ | યંત્રો (મૂ. કિં. બાદ ઘસારો) | ૧૧,૦૦૦ |
| ૧૫ %ના ડિબેન્ચર | ૭,૦૦૦ | પરચૂરણ દેવાદારો | ૯,૫૦૦ |
| બૅન્ક ઓવરડ્રાફટ | ૬૦૦ | સ્ટૉક | ૧૫,૨૦૦ |
| પરચૂરણ લેણદારો | ૨૫,૭૦૦ | નફાનુકસાન ખાતું | ૧૩,૬૦૦ |
| | ૭૨,૩૦૦ | | ૭૨,૩૦૦ |

બન્ને કંપનીઓએ તા. ૩૧મી માર્ચ, ૨૦૧૭ના રોજ સંયોજન કરવાનું નક્કી કર્યું અને 'ક' લિમિટેડ નામની નવી કંપની રૂ. ૧ના શેરમાં વહેંચાયેલી રૂ. ૨ ,૫૦,૦૦૦ની મુકરર કરેલી થાપણથી સ્થાપી.

નીચેની શરતો નક્કી કરવામાં આવી હતી :

અ લિમિટેડ

(૧) અ લિમિટેડના પાંચ શેરના બદલામાં નવી કંપનીના રૂ. ૧ના પૂરા ભરાયેલા ૬ શેર અને રૂ. ૧,૦૦૦ રોકડા આપવાના હતા.

(૨) ડિબેંચરહોલ્ડરોને નવી કંપનીના ૧૨$^{૧}/_{૪}$ ટકાના ડિબેન્ચરો એટલી સંખ્યામાં આપવાના હતા કે જેથી તેમને વ્યાજની એટલી જ આવક મળે.

(૩) નવી કંપનીની બધી મિલકતો અને જવાબદારીઓ ચોપડે દર્શાવેલી કિંમતે લેવાની છે.

બ લિમિટેડ

(૧) બ લિમિટેડના ૩ શેરના બદલામાં નવી કંપનીનો રૂ. ૧નો પૂરો ભરાયેલો ૧ શેર અને

રૂ. ૫૦૦ રોકડા આપવાના હતા.

(૨) ડિબેન્ચરહોલ્ડરોને નવી કંપનીના ૧૦.૫% ના ડિબેન્ચરો એટલી સંખ્યામાં આપવાના હતા કે જેથી તેમને વ્યાજની એટલી જ આવક મળે.

(૩) નવી કંપનીની બધી મિલકતો અને જવાબદારીઓ મૂળ કિંમતે લેવાની છે.

અ લિ.ના ચોપડામાં ધંધો બંધ કરવા માટે જરૂરી ખાતાં તૈયાર કરો. તમારે ક લિમિટેડનું ઉપરની યોજનાને અમલમાં મૂક્યા પછીનું પાકું સરવૈયું તૈયાર કરવાનું છે.

**Q-7** **(14)**

દિનેશ લિ.નું તા. ૩૧મી માર્ચ, ૨૦૧૭ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

| જવાબદારીઓ | રૂ. | મિલકતો | રૂ. |
|---|---|---|---|
| મુકરર કરેલી અને ભરાયેલી | | પેટન્ટ | ૨,૪૫,૦૦૦ |
| થાપણ: | | મકાન | ૬,૦૦,૦૦૦ |
| ૫,૦૦૦ ૬ ટકાના ક્યુ. પ્રેફ. શેર | | દેવાદારો | ૧,૨૦,૦૦૦ |
| દરેક રૂ. ૧૦૦નો પૂરા ભરાયેલા | ૫,૦૦,૦૦૦ | સ્ટોક | ૧,૮૦,૦૦૦ |
| ૬,૦૦૦ ઑર્ડિનરી શેર દરેક રૂ. | | રોકડ સિલક | ૫,૦૦૦ |
| ૧૦૦નો પૂરા ભરાયેલ | ૬,૦૦,૦૦૦ | નફાનુકસાન ખાતે | ૧,૫૦,૦૦૦ |
| ૫%ના ડિબેન્ચરો | ૧,૦૦,૦૦૦ | | |
| ડિબેન્ચર પર ચઢેલું વ્યાજ | ૨૦,૦૦૦ | | |
| લેણદારો | ૮૦,૦૦૦ | | |
| | 13,00,000 | | 13,00,000 |

નીચે પ્રમાણેની યોજના મંજૂર થઈ હતી:

(૧) એક કંપની નિર્દેશ લિ. ઉપરનો ધંધો ખરીદી લેવા સ્થાપવી.

(૨) જૂની કંપનીમાં દર ત્રણ ઑર્ડિનરી શેર સામે કંપનીનો એક શેર રૂ. ૫૦નો પૂરો ભરાયેલો આપવો.

(૩) જૂની કંપનીમાં દર ૫ પ્રેફરન્સ શેરે નવી કંપનીના ૩ શેર દરેક રૂ. ૫૦ના પૂરેપૂરા ભરાયેલા આપવા.

(૪) નિર્દેશ લિ.એ ડિબેંચરો ધરાવનારાઓની પૂરી રકમ ચૂક્ત આપવી.

(૫) લેણદારોએ પોતાનાં નીકળતાં લેણાંના ૮૦% રૂ. ૫૦ના પૂરા ભરાયેલા નવી કંપનીના ઓર્ડિનરી શેરમાં ચૂક્ત લેવા.

(૬) પેટન્ટ અને નફાનુકસાન ખાતાં માંડી વાળવાં.

(૭) પ્રેફરન્સ શેર ઉપર ચઢેલા ડિવિડન્ડ માટે જૂની કંપનીના ૨૦ શેર દીઠ નવી કંપનીનો એક શેર રૂ. ૫૦નો પૂરો ભરાયેલો આપવો.

(૮) નવી યોજનાથી જે રકમની બચત રહે તે મકાનની કિંમત ઘટાડવામાં વાપરવી.

દિનેશ લિ. ના ચોપડામાં જરૂરી આમનોંધ લખો.

**Q-8** **(14)**

એકલવ્ય લિ. ની નીચે મુજબની વિગતો પરથી તેના લિક્વિડેટરનું આવક-જાવકનું પત્રક તૈયાર કરો :

રોકડ સિલક............................................................................................૭૮,000

૬,000 પ્રેફરન્સ શેર દરેક રૂ. ૧૦૦નો પૂરેપૂરો ભરપાઈ.................................૬,00,000

૨૪,000 'અ' ઇક્વિટી શેર દરેક રૂ. ૧૦નો પૂરેપૂરો ભરપાઈ..........................૨,૪0,000

૬,000 'બ' ઇક્વિટી શેર દરેક રૂ. ૧૦નો રૂ. ૬.૫૦ ભરપાઈ...............................૩૯,000

૬0,000 'ક' ઇક્વિટી શેર દરેક રૂ. ૧૦નો રૂ. ૫ ભરપાઈ...............................૩,00,000

૧,૨0,000 'ડ' ઇકિવટી શેર દરેક રૂ. ૧૦નો રૂ. ૩ ભરપાઈ............................૩,૬0,000

કુલ લેણદારો (જેમાં પસંદગીના રૂ. ૭, ૨૦૦)................................................૯,૨૧,000

લિક્વિડેટરનું મહેનતાણું રોકડ સિવાયની મિલકતોની ઉપજાવેલી

રકમના ૧૦ % લેખે.......................૭૮ ,000